# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 08-12-2024 MIDDAY : 1.20 to 1.30
Day : SUNDAY National News

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

*****************************************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાજસ્થાન અને હરિયાણાની મુલાકાતે - પાણીપતમાં વીમા સખી યોજનાનું લોકાર્પણ કરશે

2) કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું કે, 2047 સુધીમાં ભારત વિશ્વના ટોચના 10 દરિયાઈ વેપારી દેશોમાં સામેલ થશે.

3) વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું છે કે, અમેરિકન ડોલર સાથે સ્પર્ધા કરવા માટે નવા બ્રિક્સ ચલણ શરૂ કરવાનો કોઈ પ્રસ્તાવ નથી.

4) સીરિયાના રાષ્ટ્રપતિ બશર-અલ-અસદ રાજધાનીમાં બળવાખોરો ધૂસ્યા હોવાની જાહેરાત બાદ દમાસ્કસ છોડી ગયા.

5) બીજી ટેસ્ટ ક્રિકેટ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને 10 વિકેટે હાર આપી.

6) જુનિયર એશિયા કપ મહિલા હોકી ટુર્નામેન્ટમાં આજે ભારતનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-RAJASTHAN-AND-HARYANA

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આવતીકાલે રાજસ્થાન અને હરિયાણાની મુલાકાત લેશે. રાજસ્થાનમાં, પ્રધાનમંત્રી  જયપુર એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે રાઇઝિંગ રાજસ્થાન ગ્લોબલ સમિટ 2024નું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે તેઓ ત્યાં હાજર લોકોને સંબોધિત પણ કરશે.

બપોરે પ્રધાનમંત્રી  પાણીપતમાં વીમા સખી યોજનાનું લોકાર્પણ કરશે. આ યોજના 18 થી 70 વર્ષની વયજૂથની મહિલાઓને સશક્ત બનાવવા માટે છે., જેમણે ધોરણ 10 પાસ કર્યું છે. કાર્યક્રમ દરમિયાન તેઓ હરિયાણાના કરનાલમાં મહારાણા પ્રતાપ હોર્ટિકલ્ચર યુનિવર્સિટીના મુખ્ય પરિસરનો શિલાન્યાસ પણ કરશે. યુનિવર્સિટી પાસે અંડરગ્રેજ્યુએટ અને અનુસ્નાતક અભ્યાસ માટે એક બાગાયત કોલેજ અને બાગાયતની દસ શાખાઓને આવરી લેતી પાંચ શાળાઓ હશે.

# SONOWAL

કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું કે, 2047 સુધીમાં ભારત વિશ્વના ટોચના 10 દરિયાઈ વેપારી દેશોમાં સામેલ થઈ જશે.

કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું છે કે ભારત બંદરોમાં માલવાહક પરિવહન માટે કાર્ગો હેન્ડલિંગ ક્ષમતામાં ઝડપથી વધારો કરી રહ્યું છેકેન્દ્રીય મંત્રીએ કહ્યું કે દેશમાં જહાજ નિર્માણ અને સમારકામ માટે  . ઇકોસિસ્ટમમાં સુધારો કરવામાં આવી રહ્યો છે .

શ્રી સોનોવાલ ગઈકાલે ચેન્નાઈમાં કામરાજર પોર્ટ ટ્રસ્ટની સિલ્વર જ્યુબિલી ઉજવણીને સંબોધિત કરી રહ્યા હતા 545 .તેમણે કામરાજર પોર્ટ ખાતે રૂ .કરોડના ખર્ચે બાંધવામાં આવનાર કેપિટલ ડ્રેજિંગ, ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરનો શિલાન્યાસ પણ કર્યો હતો. શ્રી સોનોવાલે જણાવ્યું હતું કે, કામરાજર પોર્ટે વિસ્તરણની

સંભાવના સાથે કાર્યક્ષમ કોલસા વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપીને ચેન્નાઈ પોર્ટની સુલભતામાં સુધારો કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે.

# INDIA- MYANMAR

ભારતે માનવતાવાદી સહાય અર્થે મ્યાનમારને 2200 મેટ્રિક ટન ચોખા મોકલ્યા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે, ભારત એક્ટ ઈસ્ટ અને પાડોશી પહેલો જેવી નીતિઓ સાથે મ્યાનમારના લોકોને મદદ કરવા માટે પ્રતિબદ્ધ છે.

બારૂદ ભરેલી સુરંગોથી થતા મૃત્યુના મામલામાં મ્યાનમાર વિશ્વનો સૌથી ખતરનાક દેશ બની ગયો છે. આના કારણે માત્ર વર્ષ 2023માં જ મ્યાનમારમાં 1,522 લોકોએ જીવ ગુમાવ્યા છે, જે અન્ય કોઈપણ દેશ કરતા વધુ છે. મૃતકોમાં 20 ટકાથી વધુ બાળકોનો સમાવેશ થાય છે.

# JAISHANKAR - BRICS - CURRENCY

વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું છે કે, અમેરિકન ડોલર સાથે સ્પર્ધા કરવા માટે નવા બ્રિક્સ ચલણ શરૂ કરવાનો કોઈ પ્રસ્તાવ નથી. કતારમાં દોહા ફોરમને સંબોધતા તેમણે કહ્યું કે, બ્રિક્સ દેશોનો અમેરિકન ડોલરને નબળો પાડવાનો કોઈ ઈરાદો નથી. ડૉ. જયશંકરે એમ પણ કહ્યું કે બ્રિક્સ દેશો આ મુદ્દે એકમત નથી.

એક અઠવાડિયા પહેલા જ અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બ્રિક્સ દેશોને કોમન કરન્સી પ્લાન શરૂ કરવા પર 100 ટકા કસ્ટમ ડ્યુટી લગાવવાની ચેતવણી આપી હતી.

ડો. જયશંકર કતારના પ્રધાનમંત્રી અને વિદેશ મંત્રી મોહમ્મદ બિન અબ્દુલ રહેમાનના આમંત્રણ પર દોહા ફોરમની બેઠકમાં ભાગ લેવા દોહામાં હતા.

# BSF- RAISING DAY

સીમા સુરક્ષા દળ BSF આજે જોધપુરમાં તેનો સાઈઠમો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છેઆ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત . રહેશેપ્રથમ વખત ., સીમા સુરક્ષા દળ રાજસ્થાન સીમાંત મુખ્યાલય જોધપુરમાં સ્થાપન દિવસની પરેડનું આયોજન કરી રહ્યું છેઆ વર્ષ સીમા સુરક્ષા દળનું હીરક . .જયંતી વર્ષ પણ છે

# SYRIA PREZ FLEW (UPDATE)

સીરિયામાં વિદ્રોહી દળોએ રાજધાની દમિશ્ક પર કબજો કરવાનો દાવો કર્યો છે . .તેમને સરકારી સુરક્ષા દળો તરફથી કોઈ પ્રતિકારનો સામનો કર્યો નથી મીડિયા અહેવાલો અનુસાર સીરિયામાં 24 વર્ષ સુધી શાસન કર્યા બાદ રાષ્ટ્રપતિ બશર-અલ-અસદ દેશ છોડીને ભાગી ગયા છે.

રાષ્ટ્રપતિ અસદ વિમાન દ્વારા કોઈ અજાણ્યા સ્થળે રવાના થયા છે. બ્રિટન સ્થિત સીરિયન માનવધિકાર સંસ્થાના જણાવ્યા અનુસાર સીરિયન સેના અને સુરક્ષા દળો દમિશ્ક હવાઈમથક પરથી હટી ગયા છે. મીડિયા અહેવાલો અનુસાર, બળવાખોરોએ જાહેરાત કરી છે કે, તેઓએ ઉત્તરી દમિશ્કમાં સેનાની સૈદનાયા જેલમાંથી કેદીઓને મુક્ત કર્યા છે. આ  ઘટનાને કારણે વિસ્તારમાં તણાવ સર્જાયો છે .

લેબનોને કહ્યું કે, તે બેરુતને દમાસ્કસ સાથે જોડતી એક સિવાય સીરિયા સાથેની તેની તમામ જમીની સરહદો બંધ કરી રહ્યું છે  જોર્ડને સીરિયા સાથેની તેની સરહદ . સીરિયામાં વિદ્રોહી દળ .પણ બંધ કરી દીધી છે. અને સરકારી સુરક્ષા દળો વચ્ચેની અથડામણ ગયા મહિનાની 27 તારીખથી વધુ તીવ્ર બની છે.

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ

સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલો કરી શકો છો.

# PREZ-PANCHAYAT-AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 11 ડિસેમ્બરના રોજ નવી દિલ્હીમાં ઉત્કૃષ્ટ કાર્ય કરી રહેલી પંચાયતી રાજ સંસ્થાઓનું સન્માન કરશે. વર્ષ 2022-23 માટે વિવિધ શ્રેણીઓ હેઠળ કુલ 45 પુરસ્કારોની પસંદગી કરવામાં આવી છે.

આ પુરસ્કારો પંચાયત સ્તરના શાસન અને સામુદાયિક વિકાસમાં સિદ્ધિઓની વિશાળ શ્રેણીને પ્રતિબિંબિત કરે છે. આ વર્ષે 1.94 લાખ ગ્રામ પંચાયતોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. 42 એવોર્ડ વિજેતા પંચાયતોમાંથી 42 ટકા મહિલા આગેવાનો છે.

# UTTARAKHAND-CHARDHAM-YATRA

ઉત્તરાખંડમાં આજથી  શિયાળુ ચારધામ યાત્રાનો પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ રુદ્રપ્રયાગ જિલ્લાના ઉખીમઠના ઓમકારેશ્વર મંદિર ખાતે પવિત્ર યાત્રાનું સત્તાવાર રીતે ઉદ્ઘાટન કર્યું, જ્યાં શિયાળાના મહિનાઓમાં ભગવાન કેદારનાથની મૂર્તિ રહે છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ શિયાળુ ચારધામ યાત્રા નિકળતા યાત્રાળુઓ માટે સુવિધાઓ વધારવા સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, સરકાર ભક્તો માટે સરળ અને સમૃદ્ધ અનુભવ સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પ્રયાસો કરશે.

આ ઉપરાંત, ગઈકાલે સાંજે રૂદ્રપ્રયાગમાં યોજાયેલા એક કાર્યક્રમમાં, મુખ્યમંત્રીએ જાહેરાત કરી હતી કે રાજ્ય સરકાર આ યાત્રાને પ્રોત્સાહન આપવા અધિકારીઓને માર્ગદર્શિકા બહાર પાડી છે.

# CRICKET- IND VS AUS

બીજી ટેસ્ટ ક્રિકેટ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને .વિકેટે હાર આપી છે 10 એડિલેડ ઓવલ ખાતે બોર્ડરગાવસ્કર ટ્રોફીની બીજી ટેસ્ટમાં યજમાન ટીમે તેની બીજી - .રનમાં આઉટ કર્યું હતું 175 ઇનિંગમાં ભારતને

આજે બીજી ટેસ્ટના ત્રીજા દિવસે ભારતે  રનથી 128 વિકેટે 5ઈનિંગ ફરી શરૂ કરતા ભારતીય  .રનમાં બાકીની પાંચ વિકેટ ગુમાવી દીધી હતી 47 ઓવરમાં 12.5 ટીમ તરફથી નીતિશ કુમાર રેડ્ડીએ સૌથી વધુ રન બનાવ્યા હતા 42, જ્યારે ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સે વિકેટ ઝડપી હતી 5

આ પહેલા, પ્રથમ બેટિંગ પસંદ કર્યા પછી, ભારત તેની પ્રથમ ઇનિંગમાં  180 જવાબમાં .રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું, ઓસ્ટ્રેલિયાએ તેની પ્રથમ ઇનિંગમાં  337 રન બનાવ્યા, .રનની સરસાઈ કરી જેના કારણે પિન્ક બોલ ટેસ્ટમાં વિજય થયો 157 આ જીત સાથે ઓસ્ટ્રેલિયાએ પાંચ મેચોની શ્રેણીમાં બરાબરી કરી લીધી છે.

# HOCKEY - ASIA CUP

ઓમાનના મસ્કતમાં રમાઈ રહેલી જુનિયર એશિયા કપ મહિલા હોકી ટુર્નામેન્ટમાં આજે ભારતનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે. ભારતીય ટીમ જ્યોતિ સિંહની કપ્તાનીમાં રમશે અને સાક્ષી રાણા ઉપ કપ્તાન હશે.

ગઈકાલે સ્પર્ધાના ગ્રૂપ-Aમાં ચીને બાંગ્લાદેશને 19-0થી જ્યારે મલેશિયાએ થાઈલેન્ડને 3-0થી પરાજય આપ્યો હતો. ગ્રૂપ-Bમાં જાપાને શ્રીલંકાને 15-0થી પરાજય આપ્યો હતો.

વર્તમાન ચેમ્પિયન ભારત પણ ગ્રૂપ-Aમાં ચીન, મલેશિયા અને થાઈલેન્ડ સાથે રમશે. ગ્રૂપ-Bમાં દક્ષિણ કોરિયા, જાપાન, ચાઈનીઝ તાઈપેઈ, હોંગકોંગ અને શ્રીલંકાની ટીમો છે.  જુનિયર એશિયા કપ એ આવતા વર્ષે ચિલીમાં યોજાનાર FIH જુનિયર વિશ્વ

કપ માટે ક્વૉલિફાઇંગ સ્પર્ધા છે. ટોચની પાંચ ટીમો વિશ્વ કપમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરશે.

# PM- ARCHBISHOP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોપ ફ્રાન્સિસ દ્વારા કેરળના આર્કબિશપ જ્યોર્જ કુવાકડની કાર્ડિનલ તરીકે નિમણૂકને ભારત માટે ગર્વની ક્ષણ ગણાવી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે ભારત સરકારે આ કાર્યક્રમમાં હાજરી આપવા માટે કેન્દ્રીય મંત્રી જ્યોર્જ કુરિયનના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ મોકલ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, સમારંભ પહેલા ભારતીય પ્રતિનિધિમંડળ પોપ ફ્રાન્સિસને પણ મળ્યું હતું.

# GANDHI-NEBRASKA

અમેરિકી રાજ્ય નેબ્રાસ્કાના ગવર્નર જીમ પિલેને ગઇકાલે લિંકનમાં સ્ટેટ મુખ્ય સંકુલમાં સ્થિત ગવર્નર ઓફિસમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.

સિઆટલમાં ભારતીય રાજદૂતના અધિકારક્ષેત્ર હેઠળના નવ રાજ્યોમાંથી કોઈપણ રાજ્યના મુખ્ય સંકુલમાં ગાંધીજીની આ પ્રથમ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. સિઆટલમાં ભારતના રાજદૂત અને નેબ્રાસ્કાના ગવર્નર દ્વારા પૂજ્ય મહાત્મા ગાંધીના વારસાને સન્માન આપવાના હેતુથી પ્રતિમા સ્થાપિત કરી છે.